કહાન મહિમા પ્રકાશન

પુસ્તિકા ક્રમાંક : ૩૯, પુષ્પ ક્રમાંક : ૫૧ થી ૫૫ પ્રત : ૫૦૦

# પંચાગમ







(૧) બાર ભાવના : શ્રી કુંદકુંદાચાર્યદેવ (૯૧)
(૨) અનિત્ય પંચાશત : શ્રી પદ્મનંદી આચાર્ય (૫૫)
(૩) પંડિતપૂજા : શ્રી જિન તારણતરણ (૩૨)
(૪) માલારોહણ : શ્રી જિન તારણતરણ (૩૨)
(૫) કમલ બત્તીસી : શ્રી જિન તારણતરણ (૩૨)

પદ્યાનુબંધકર્તા : શ્રી ધીરજલાલ પી. દેસાઈ ''ચૈતન્યપ્રિય''

અર્પણ : પૂજ્ય અધ્યાત્મ યુગપુરુષ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી

રચના સમય : તા. ૧૦-૧-૧૨ થી ૧૫-૧-૧૨ (પાંચ દિવસમાં પાંચ રચનાઓ)
ગુજરાતી શ્લોકની સંખ્યા : ૨૪૨ (હરિગીતિકા છંદ)
પેજ સંખ્યા : ૩૨. કુલ પંક્તિ ૫૫૨
રચના સ્થળ : ચંપામૃત, સોનગઢ

મૂલ્ય : સ્વાધ્યાય

પ્રકાશન સમય : તા. ૧૭-૩-૧૨, શનિવાર, ફાગણ વદ-૧૦

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૦મી સમ્યક્ત્વજયંતી

સ્મરણાંજલિ : શ્રી રમણીકલાલ લાલચંદ અજમેરાની સ્મૃતિમાં આ પુસ્તિકા પ્રકાશિત કરેલ છે.

: પદ્યાનુબંધકર્તા અને પ્રકાશક :

ધીરજલાલ પી. દેસાઈ, સુધા ધીરજલાલ દેસાઈ

૫૯, કહાન નગર સોસાયટી, સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)
ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૬૫૪ મો. : ૯૪૨૬૩૪૪૫૫૯

# ૧. બાર ભાવના

**મૂળ પ્રાકૃત ભાષા : આચાર્ય કુંદકુંદ,**
**ગુજરાતી પદ્યાનુબંધ—ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)**
**રચના : તા. ૧૨-૧-૧૨ થી ૧૪-૧-૧૨, પુષ્પ-૫૪**

(હરિગીતિકા)

## મંગલાચરણ

નિજ પરમ શુક્લ ધ્યાનથી, સંસાર દીર્ઘ ક્ષય કર્યો—
તે સર્વ સિદ્ધ , ચોવીશ જિન નમી, બાર અનુપ્રેક્ષા કહું. ૧

અધ્રુવ, અશરણ, એક ને અન્યત્વ, સંસાર, લોક બધો;
અશુચિ, આસરવ, સંવર, નિર્જર, ધર્મ, બોધિ ચિંતવો. ૨

## ૧. અનિત્ય ભાવના

૧.૧ દેવ, મનુજ રાજમહલ, રથ, વાહન, શય્યા, આસનો;
માતપિતા, કુટુંબ, સેવક, સંબંધી, અનિત્ય છે પ્રિયાદિ સૌ. ૩

૧.૨ ઇન્દ્રધનુ ના શાશ્વતું, ઇન્દ્રિ સ્વરૂપ, આરોગ્ય ને,
યૌવન, બળ, તેજ, સૌભાગ ને સૌન્દર્ય ના શાશ્વત રહે. ૪

૧.૩ અહમિન્દ્ર પદ, બળદેવ ને, નારાયણાદિ પદવીઓ બધી;
જળ બુંદ, ઇન્દ્ર ધનુ, વિજચમક, વાદળ, સમા સ્થિર નથી. ૫

૧.૪ દેહ જીવ નિબદ્ધ, ક્ષિરોદક સમ શીઘ્ર નષ્ટ છે બને;
ભોગોપભોગ કારણ દરવ શી રીત નિત્ય રહી શકે? ૬

૧.૫ પરમાર્થથી આ આતમા દેવાસુર, માનવ, રાજા વૈભવો;
વૈભવથી વ્યતિરિક્ત આતમ શાશ્વત સદા ચિંતન કરો. ૭

## ૩. અશરણ ભાવના

૨.૧ મરણ સમય ત્રણલોકમાં મણિ, મંત્ર અને ઔષધિ;
ઘોડા, ગજ, રથ વિદ્યા સકલ, કોઈનું શરણું નથી. ૮

૨.૨ છે સ્વર્ગ કિલ્લો ઇન્દ્રને, દેવ નોકર ને વજ્રનું—
હથિયાર, ઐરાવત ગજ, ના કોઈ તેનું શરણ છે. ૯

૨.૩ કાળગર્જના—નવનિધિઓ, ચૌદરતન હય મત્ત ગજેન્દ્રથી—
ચતુરંગબલ, સામગ્રીઓ ચક્રવર્તીને શરણ નથી. ૧૦

૨.૪ જન્મ, જરા, મરણ ભય રોગથી આતમ નિજ રક્ષા કરે;
કર્મબંધ ઉદય સત્તાથકી ભિન્ન આતમ શરણ છે. ૧૧

૨.૫ અરહંત, સિદ્ધ, આચાર્ય ને ઉપાધ્યાય, સાધુ પરમેષ્ઠિ એ,
આત્માતણા પરિણામ તેથી આતમા મુજ શરણ છે. ૧૨

૨.૬ એ રીત સમકિત, જ્ઞાન, દર્શન, તપ સમ્યક્ ચાર એ—
અવસ્થા બધી આત્માતણી જ, તેથી આતમા મુજ શરણ છે.૧૩

## ૨. એકત્વ ભાવના

3.૧ જીવ એકલો કર્મો કરે, દીર્ઘ સંસાર એક જ ભમે;
એક જન્મે, એક મરતો, એક કરમ ફળ ભોગવે. ૧૪

3.૨ વિષયવશ તીવ્ર લોભથી, જીવ એકલો પાપો કરે;
તે નરક ને તિર્યંચ ગતિમાં એકલો ફળ ભોગવે. ૧૫

3.3 ધરમ નિમિત્ત પાત્રદાને, જીવ એકલો પુણ્ય કરે;
તે એકલો મનુ, દેવગતિમાં છે તેહનું ફળ ભોગવે. ૧૬

3.૪ સમ્યક્ત્વગુણયુત સાધુને પાત્ર ઉત્તમ કહેલ છે;
સમ્યક્ત્વયુત શ્રાવક તેને પાત્ર મધ્યમ સમજજે. ૧૭

3.૫ જિનમતે વ્રતરહિત સમકિત દૃષ્ટિ જઘન્ય પાત્ર છે;
સમકિત રહિત જે જીવ તેને અપાત્ર તેથી માનજે. ૧૮

3.૬ દર્શનભ્રષ્ટ્ર ભ્રષ્ટ છે, ના તેહનો મોક્ષ કદી;
ચારિતભ્રષ્ટ્ર સીઝી જાય છે, દર્શનભ્રષ્ટ્ર ના સીઝે કદી. ૧૯

3.૭ હું એક, મમતારહિત છું, શુદ્ધ, જ્ઞાન-દર્શનલક્ષી ખરે!
શુદ્ધ એકત્વ ઉપાદેય છે, સંયમી એમ ચિંતવે. ૨૦

## ૪. અન્યત્વ ભાવના

૪.૧ માત, પિતા, પુત્ર, બંધુ, સ્ત્રી આદિ બંધુજનો બધાં;
ના જીવના સંબંધી છે, નિજકાર્યવશે તે વર્તતા. ૨૧

૪.૨ જીવ સંસાર મહાસાગરે ડૂબેલ નિજ ચિંતા ન કરે;
અન્ય ચિંતા, ‘આ મુજ છે’, ‘આ સ્વામીનું’—માન્યા કરે. ૨૨

૪.૩ શરીરાદિ સૌ બાહ્ય દ્રવ્યો તે સર્વ જીવથી ભિન્ન છે;
જ્ઞાન-દર્શન નિજ આતમા, અન્યત્વમાં એમ ચિંતવે. ૨૩

## ૫. સંસાર ભાવના

૫.૧ જિનમાર્ગને ના દેખતો, જન્મ, જરા, મરણ, રોગ અને–
ભય ભરપૂર પંચ પ્રકારના, સંસાર ચિરકાલ ભમે. ૨૪

૫.૨ પુદ્‌ગલ પરિવર્તન સંસારમાં એક, સંપૂર્ણ પુદ્‌ગલ વર્ગણા-
જીવ અનંતવાર ભોગવે ને છોડે અનંતી વારમાં. ૨૫

૫.૩ ક્ષેત્ર સંસાર બહુ ભ્રમણમાં ત્રણ લોકમાં કો ક્ષેત્ર નહીં–
બાકી છે, અવગાહન વડે, જ્યાં ઉત્પન્ન થયો નથી. ૨૬

૫.૪ કાળ સંસાર ભમતો જીવ આ, અવસર્પિણી-ઉત્સર્પિણીના–
સર્વ સમય, આવલી મહીં અનેક જન્મ-મરણ તેના થતા. ૨૭

૫.૫ મિથ્યાત્વમાં જીવ નરકમાં આયુ થોડામાં થોડું–
ઉપર ગ્રૈવેયિક આયુ બહુશ પામી ભમતો બહુ. ૨૮

૫.૬ મિથ્યા વશે સર્વ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ પ્રદેશમાં–
ભાવપરાવર્તન સંસારમાં વારંવાર પરિભ્રમણ થયા. ૨૯

૫.૭ જે જીવ સ્ત્રી, પુત્ર કાજે પાપબુદ્ધિથી ધન મેળવે,
દયા દાનને છોડી સંસારમાં તે ભટકશે. ૩૦

૫.૮ મમ પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય છે, એ તીવ્ર આકાંક્ષા વડે;
જીવ ધર્મબુદ્ધિ છોડીને, પછી દીર્ઘ સંસારે છે ભમે. ૩૧

૫.૯ મિથ્યાત્વ ઉદયે આ જીવે જિન કથિત ધરમની નિંદા કરી;
કુધર્મ, કુલિંગ કુતીર્થને માની, સંસારમાં રહ્યો ભટકી. ૩૨

૫.૧૦ મારી જીવ સમૂહ પ્રાણી, મધુ-માંસનું સેવન કરે;
દારૂ, પરસ્ત્રી-દ્રવ્ય છીનવી, સંસારમાં ભટક્યા કરે. ૩૩

૫.૧૧ મોહાંધકાર અંધ બની રાતદિન તે વિષયના પાપને–
યત્નપૂર્વક કરતો રહી, સંસાર પરિભ્રમણ કરે. ૩૪

૫.૧૨ નિત્યેતર, ધાતુ સાત ને તરુ દસ, છ વિકલેન્દ્રિય છે;
સુર, નારકી, તિર્યંચ ચાર ને મનુ પંચેન્દ્રિય ચૌદ લાખ છે. ૩૫

૫.૧૩ સંસારના સૌ પ્રાણીને સંયોગ-વિયોગ, લાભાલાભ ને;
સુખ-દુઃખ, માનાપમાનો એ સૌ સદાય થયા કરે. ૩૬

૫.૧૪ કર્મ નિમિત્ત સંસારરૂપ જીવ ઘોર વન ભટક્યા કરે;
નિશ્ચયથી બંધ નથી, સંસાર છે નહીં જીવને. ૩૭

૫.૧૫ સંસાર અતિક્રાંત જીવ ઉપાદેય ચિંતવન કરો;
સંસાર દુઃખ આક્રાંત તે હેય એમ ચિંતવજો. ૩૮

## ૬. લોક ભાવના

૬.૧ જીવાદિ છ પદાર્થનો સમુદાય લોક કહેવાય છે;
અધો, મધ્ય, ઊર્ધ્વ ભેદે ત્રણ પ્રકાર કહેલ છે. ૩૯

૬.૨ નરક નીચે, અસંખ્યા દ્વીપ-સમુદ્રરાશી મધ્ય રહે;
ત્રેંસઠ સ્વર્ગ, મોક્ષ એ ઊર્ધ્વ લોકમાં રહેલ છે. ૪૦

૬.૩ એકત્રીસ, સાત, ચાર, બે; એકૈક ચારના છ અને
ગ્રૈવેયક નવ, એકૈક ઇન્દ્રક સંજ્ઞા ઋતુ આદિ ત્રેસઠ છે. ૪૧

૬.૪ અશુભથી નારક, તિર્યંચ, શુભ દેવ-માનવે,
શુદ્ધભાવથી મોક્ષસુખ મળે, લોકભાવના ચિંતવન કરે. ૪૨

## ૭. અશુચિ ભાવના

૭.૧ પ્રતિબદ્ધ અસ્થિ, માંસ વિલપ્ત ત્વચાથી મઢેલ છે;
કૃમિ સમૂહથી ભરપૂર દેહ સદા અપ્રશસ્ત છે. ૪૩

૭.૨ દેહ દુર્ગંધ, બીભત્સ, મળ, મૂત્ર ભરપૂર, જડ, મૂર્તિક છે;
ખલન, પતન સ્વભાવી છે, નિરંતર એમ ચિંતવે. ૪૪

૭.૩ રસ, રુધિર, માંસ, મેદ, મજ્જા, મૂત્ર, પરુ, કૃમિ અધિક છે;
દુર્ગંધ, અશુચિ, ચર્મમય, અનિત્ય, જડ, નાશવંત છે. ૪૫

૭.૪ જીવ-દેહ ભિન્ન, કરમરહિત, અનંત સુખનું ધામ છે;
તે શુદ્ધ છે, નિરંતરે ભાવના ભાવવી જોઈએ. ૪૬

## ૮. આસ્રવ ભાવના

૮.૧ મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ સૌ આસ્રવ છે;
તે પાંચ, પાંચ, ચાર, ત્રણ ક્રમભેદ જિનશાસન કહે. ૪૭

૮.૨ એકાંત, વિનય, વિપરીત, સંશય, અજ્ઞાન પંચ મિથ્યાત્વ છે;
હિંસાદિ પાંચ અવિરતિ, આગમ નિયમથી જાણજે. ૪૮

૮.૩ ક્રોધ, માન, માયા, લોભ એ કષાય ચતુર્વિધ કહ્યા;
મન, વચન, કાય ત્રિવિધ યોગના ભેદો કહ્યા. ૪૯

૮.૪ મન, વચન, કાય ત્રણ એ શુભાશુભ બે પ્રકાર છે;
આહારાદિની ચાર સંજ્ઞા અશુભ મન જાણો તમે. ૫૦

૮.૫ કૃષ્ણાદિ લેશ્યા ત્રયી, ઇન્દ્રિયસુખ વૃદ્ધિ પરિણામ છે;
ઈર્ષા, વિશાદના ભાવો રહે, જિન અશુભ મન તેને કહે. ૫૧

૮.૬ રાગ, દ્વેષ, મોહ, હાસ્યાદિના નોકષાય પરિણામ તે—
હો તીવ્ર કે હો મંદ પણ તે અશુભ મન જિનવર કહે. ૫૨

૮.૭ ભોજન, રસ, રાજ, ચોર એ વિકથા અશુભ મન જાણવા;
બંધન, છેદન, તાડન ક્રિયા, કાર્યો અશુભના જાણવા. ૫૩

૮.૮ રાગાદિ પૂર્વોક્ત છોડી, ધન, ધાન્યાદિ પરિગ્રહ છોડીને;
વ્રત, સમિતિ, શીલ, સંયમના પરિણામને શુભ મન કહે. ૫૪

૮.૯ સંસાર છેદન વચનને જિનદેવ શુભવચન કહે,
જિનદેવાદિ પૂજન કાયથી, ચેષ્ટા કહી શુભકાય તે. ૫૫

૮.૧૦ બહુદોષ તરંગો ઉઠે જ્યાં સુખરૂપ જળચર ભરેલ છે;
સંસાર સમુદ્ર, કર્મના આસ્રવ કારણ ભ્રમણ રહે. ૫૬

૮.૧૧ સંસાર દરિયે અજ્ઞાનથી કર્માસ્રવ કરી જીવ ડૂબશે;
જે થાય ક્રિયા જ્ઞાનપૂર્વક, પરંપરા મોક્ષકારણ થશે. ૫૭

૮.૧૨ આસ્રવકારણ સંસારના સમુદ્ર જીવ ગોથા ભરે;
આસ્રવ ક્રિયા મોક્ષનું નિમિત્ત ના, ચિંતન કરે. ૫૮

૮.૧૩ આસ્રવ ક્રિયા પરંપરા પણ નિર્વાણનું કારણ ના બને;
સંસારગમનનું કારણ તે આસ્રવને નિન્દ્ય ગણે. ૫૯

૮.૧૪ પૂર્વોક્ત આસ્રવ ભેદ તે જીવના નથી નિશ્ચયનયે,
આસ્રવ બે પ્રકાર રહિત નિજ આત્મ ચિંતન કરો હવે. ૬૦

## ૯. સંવર ભાવના

૯.૧ ચલ, મલિન, અગાઢ દોષથી રહિત સમકિત દૃઢ કમાડ વડે;
મિથ્યાત્વ આસ્રવ દ્વાર બંધ થાય—જિનવર કહે. ૬૧

૯.૨ પંચ મહાવ્રત પરિણામથી અવિરમણ નિરોધ થાય છે;
ક્રોધાદિ, કષાય આસ્રવો દ્વાર બંધ થઈ જાય છે. ૬૨

૯.૩ શુભ પ્રવૃત્તિઓથી અશુભ યોગ સંવર થાય છે;
શુદ્ધોપયોગેથી શુભયોગનો નિરોધ (સંવર) થાય છે. ૬૩

૯.૪ શુદ્ધોપયોગે ધ્યાન ધરમ, શુક્લધ્યાન જીવને થાય છે;
સંવર કારણ ધ્યાન છે, વિચાર નિરંતર રાખજે. ૬૪

૯.૫ નિશ્ચય પરમ શુદ્ધનયે જીવમાં ન સંવર હોય છે;
સંવરભાવ વિમુક્ત આત્મનું ચિંતવન નિરંતર રાખજે. ૬૫

## ૧૦. નિર્જરા ભાવના

૧૦.૧ બંધ પ્રદેશોનું ગલન છે નિર્જરા જિનવર કહે;
જેનાથી સંવર થાય છે તેનાથી નિર્જરા જાણજે. ૬૬

૧૦.૨ બે રીત તે, નિજ કાળપાકે, અન્ય તપ કરવા વડે;
પ્રથમ ચારગતિ જીવોને, વ્રતયુક્ત બીજી હોય છે. ૬૭

## ૧૧. ધર્મ ભાવના

૧૧.૧ ઉત્તમ સુખ લીને કહ્યું—શ્રાવક, મુનિનો ધર્મ જે;
સમકિતપૂર્વક ક્રમિક તે અગિયાર, દશ પ્રકાર છે. ૬૮

૧૧.૨ દર્શન, વ્રત, સામાયિક, પ્રૌષધ, સચિત રાત્રિ ભોજન ને—
બ્રહ્મચર્ય, આરંભ, પરિગ્રહ, અનુમતિ, ઉદિષ્ટ દેશવિરતિ ને. ૬૯

૧૧.૩ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ ઉત્તમ જે—
તપ, ત્યાગ, આંકિચન્ય, બ્રહ્મ, એ દસ મુનિધર્મ છે. ૭૦

૧૧.૪ ક્રોધોત્પન્ન થવા સાક્ષાત બાહ્યકારણ મળતા છતાં—
અલ્પ ક્રોધ પણ કરતો નથી, ત્યાં થાય છે ઉત્તમ ક્ષમા. ૭૨

૧૧.૫ કુળ, રૂપ, જાતિ, બુદ્ધિમાં, તપ, શાસ્ત્ર, શીલાદિક તે—
વિષય કિંચિત મદ નહીં, તે શ્રમણને માર્દવ છે. ૭૨

૧૧.૬ કુટિલ છોડી શ્રમણ જે નિર્મળ હૃદ ચરિતને ધરે,
નિશ્ચય ત્રીજો ધરમ આરજ્વ તેને સંભવે. ૭૩

૧૧.૭ ક્લેશકારક વચન છોડી, સ્વપર હિતકર વચનને—
મુનિ જે કહે, તેને ખરે ચોથો ધરમ સત્ય બને. ૭૪

૧૧.૮ કાંક્ષા-ઇચ્છાથી નિવર્તિ વૈરાગ્યભાવ યુક્ત રહે;
તે પરમ મુનિને ધરમ શૌચ વર્તે છે સત્વરે. ૭૫

૧૧.૯ વ્રત સમિતિના પાલને દંડત્યાગરૂપ ઇન્દ્રિય જયે;
પરિણામ જે જીવને બને, સંયમ ધરમ તેને નિશ્ચયે. ૭૬

૧૧.૧૦ વિષય-કષાયને અવરોધિને ધ્યાન સ્વાધ્યાય વડે;
આત્મનું—ચિંતવન જે કરે, નિશ્ચય તપ ત્યાં થાય છે. ૭૭

૧૧.૧૧ પરદ્રવ્યથી મોહ તજી ભોગ પ્રતિ ઉદાસી પરિણામ છે;
ત્યાગ ધરમ થાય તેને, એમ જિનેન્દ્રો કહે. ૭૮

૧૧.૧૨ નિસંગ થઈ, સુખદુ:ખમય કર્મજનિત નિજભાવ રોકીને;
નિર્દ્વંદતાથી સમભાવ વર્તે, આંકિચન્ય છે તેહને. ૭૯

૧૧.૧૩ સ્ત્રીઓ તણાં સર્વાંગ દેખી દુર્ભાવને જે પરિતજે;
દુ:સાધ્ય બ્રહ્મચર્યને તે આતમા ધારણ કરે. ૮૦

૧૫.૧૪ શ્રાવક ધરમને છોડીને યતિધર્મને જે આચરે;
તે મોક્ષને ના છોડતો, ધર્મભાવના નિત ચિંતવે. ૮૧

૧૧.૧૫ શ્રાવક, મુનિ ધરમથી જીવ નિશ્ચયે ભિન્ન જ ખરે;
મધ્યસ્થ ભાવે શુદ્ધ આતમ ચિંતન રાખજે. ૮૨

## ૧૨. બોધિદુર્લભ ભાવના

૧૨.૧ સદ્‌જ્ઞાન જે ઉપાયથી તે ઉપાય ઉપાસજે;
અત્યંત દુર્લભ બોધી તે બોધિ પ્રાપ્તિ અતિ કઠીન છે. ૮૩

૧૨.૨ ક્ષાયોપશમિક જ્ઞાન કર્મોદયજનિત હેય પર્યાય છે;
સદ્‌જ્ઞાન સ્વક દ્રવ્ય તે નિશ્ચય ઉપાદેય છે. ૮૪

૧૨.૩ મૂલોત્તર પ્રકૃતિ મિથ્યાત્વની અસંખ્યાત લોક પરિમાણ છે;
પરદ્રવ્ય તે, નિશ્ચયથી આત્મા જ નિજદ્રવ્ય છે. ૮૫

૧૨.૪ બોધિમાં હેયોપાદેય પણ નિશ્ચયથી તે ના રહે;
સંસારથી વિરક્ત થવા બોધિ ભાવના મુનિ ચિંતવે. ૮૬

૧૨.૫ આ બાર અનુપ્રેક્ષા જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ ને;
આલોચના, સમાધિ તેથી નિરંતર ચિંતવન રહે. ૮૭

૧૨.૬ નિજ આત્મશક્તિ હોય તો, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને—
સામાયિક, સમાધિ અને આલોચના રાતદિ' કરે. ૮૮

૧૨.૭ જે પુરુષ બાર ભાવનાથી અનાદિકાળથી મોક્ષે ગયા;
સમ્યક પ્રકારે હું તેમને પ્રણમન કરું સદા. ૮૯

૧૨.૮ શું અધિક કહું? ભૂતકાળમાં જે નરવરો સિદ્ધ થયા;
ને ભાવિમાં જે જાય તે મહાત્મ્ય પણ આનું અહા! ૯૦

૧૨.૯ નિશ્ચય ને વ્યવહારથી કુંદકુંદ મુનિ છે આ કહે;
શુદ્ધ મનથી જે ભાવશે, તે પરમ નિર્વાણ પ્રાપ્ત થશે. ૯૧

સમાપન : મકરસંક્રાંતિ, તા. ૧૪-૧-૧૨ રાતના ૯-૩૦

---

પંચાગમની પ્રસ્તુત પુસ્તિકા (ક્રમાંક ૩૯) ચૈતન્યપ્રિય તરફથી
સ્વ. રમણીકલાલ લાલચંદ અજમેરાની સ્મૃતિમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

## સ્મરણાંજલિ



સ્વ. રમણીકલાલ લાલચંદ અજમેરા

જન્મ : અડતાલા

સ્વર્ગવાસ : મુંબઈ

(૧) વિજયાબહેન રમણીકલાલ અજમેરા (પત્ની)
(૨) સ્વ. કંચનબહેન વાડીલાલ ડેલીવાળા (બહેન)
(૩) શાંતાબહેન રસિકલાલ મહેતા (બહેન)
(૪) સ્વ. કૈલાસબહેન ભાયચંદ ભાયાણી (બહેન)
(૫) સ્વ. કાંતિલાલ લાલચંદ અજમેરા (ભાઈ)
(૬) પ્રભાબહેન દામોદરદાસ મોદી (બહેન)
(૭) લાભુબહેન અનંતરાય બોટાદરા (બહેન)
(૮) મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (બહેન)
(૯) બ્ર. ગુણવંતીબહેન પાનાચંદ અજમેરા (બહેન)
(૧૦) પ્રકાશ રમણીકલાલ અજમેરા (પુત્ર)
(૧૧) હિતેશ રમણીકલાલ અજમેરા (પુત્ર)
(૧૨) સમીર રમણીકલાલ અજમેરા (પુત્ર)
(૧૩) દીપ્તિબહેન રાજુભાઈ શાહ (પુત્રી)
(૧૪) સ્વ. સરોજબહેન ધીરજલાલ ડેલીવાળા
(૧૪) સુધાબહેન ધીરજલાલ દેસાઈ, સોનગઢ

# ૨. અનિત્ય પંચાશત

## મૂળ સંસ્કૃત ભાષા : આચાર્ય પદ્મનંદી

## (શ્લોક-૫૫, પંક્તિ ૨૧૪, પેઈજ-૮, પુષ્પ નં. ૫૫)

## ગુજરાતી પદ્યાનુવાદ : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)

## (રચના : તા. ૧૫-૧-૧૨ થી તા. ૧૬-૧-૧૨)

### મંગલાચરણ

જેના વચન કરુણ પરંતુ શરગણ મોહશત્રુ નાશ કરે;
ધૈર્ય, ધનુર્ધર યોગી સુભટોના, જય હો! જિનદેવ તે. ૧

એક દિવસ ભોજન ના મળે, નિંદ ન રાતે જો આવે;
અગ્નિ સમીપ અંબુજદલ સમ તે શરીર મુરજાવે;
શસ્ત્ર-વ્યાધિ-જળાદિકથી પણ ક્ષણભરમાં ક્ષય થાય છે;
ચેતન, શું સ્થિર બુદ્ધિ દેહમાં? વિનાશનું શું આશ્ચર્ય છે? ૨

ચર્મ ઝૂંપડી દુર્ગંધ, અશુચિ ધાતુ ભીંત ઘેરાયેલી છે;
ક્ષુધાદિ દુઃખ ઉંદર છિદ્રિત મળ-મૂત્રથી ભરપૂર છે;
જીર્ણ સ્વયં જરા અગ્નિથી કાયકુટીને છે સૌ જાણે;
મૂઢ મનુષ્ય તોપણ દેહને સ્થિર-પવિત્ર છે માને. ૩

જળ પરપોટા સમાન તનને, લક્ષ્મી ઇન્દ્રજાળ માનો;
તીવ્ર પવનથી વિલીન વાદળસમ, ધન, કાંતા, સુત જાણો;
મત્ત સ્ત્રીના કટાક્ષ જેવા ચપલ વિષય સુખ ગણે;
તેથી તેની પ્રાપ્તિ-નાશમાં હર્ષ-શોક શાનો પ્યારે? ૪

કાયા જનની દુઃખ-મરણની, જો આતમસહ યોગ બને;
શોક ન કરવો બુધજને ભલે મરણ કે દુઃખ આવે;
આત્મસ્વરૂપ વિચારો ત્યારે સદા તજી આકુલતાને;
સંભવ કદિ ફરી ન આવે જેનાથી દેહ-જન્મ દુઃખ તારે. ૫

દુર્નિવાર નિજકર્મ હેતુ-વશ કો સ્વજન જો મરી જાયે;
જો તેનો બહુ શોક કરે નર, તે પાગલ કહેવાશે;

કેમકે શોકથી સિદ્ધ નહીં કંઈ, હા એટલું ફળ પામે;
મૂઢ મન તે માનવ નિજના ધર્માર્થાદિકને ખોશે. ૬

થઈ ઉદિત સૂર્યમંડલ જ્યમ સ્વકાળ થતા અસ્ત પામે;
દેહ ધારીનો દેહ તે રીત ઉપજે ને નષ્ટ પામે;
એ રીતે જો સ્વકાળે નિજ ઇષ્ટ સ્વજન મરી જાતા;
તેનો શોક કરે કો ભવિજન? જે સુબુદ્ધિ કહેવાતા. ૭

વૃક્ષ ઉપર ઊગી ખરી જાતા પત્ર-ફૂલ-ફળ જે રીતે;
જન્મ કુળોમાં લઈને પ્રાણી મરણ તે રીતે પામે;
એ નિયમ અખંડિત દેખી બુધજન હર્ષ શોક શું કરવો?
વસ્તુસ્વરૂપ વિચારી હૃદયમાં સમતાભાવ ધરો સૌ. ૮

દુર્નિવાર ભાવી વશ નિજના પ્રિયજન મરણ પામે;
અંધકારમાં નૃત્ય કરે તે, એનો શોક કરે જે;
સન્મતિથી બધું જગતમાં નાશવંત જાણો ભાઈ;
સહુ દુઃખ સંતતિ—નાશક સેવો ધર્મ સદા મન લાવી. ૯

પૂરવ કર્મે જે પ્રાણીનો જ્યારે અંત લખ્યો છે ભાઈ;
તેનો અંત ત્યારે જ થાયે એ નિશ્ચય ઉર લાવી;
મરતા પ્રિયજન શોક છોડીને સાદર ધર્મ કરો સૌ;
દૂર ગયો જ્યાં સાપ નીકળી, લીસોટા શું ત્યાં પીટો? ૧૦

દુઃખ નાશ કરવા મૂઢ જગતમાં રુદનકર્મ વિસ્તારશે;
દુઃખ દૂર ન થાય પણ સ્વકર્મવશ સુખ અનુભવ ના કરે;
તે મૂઢને મૂઢ શિરોમણિ અમે નિશ્ચિત માનીયે;
જે પાપ-દુઃખહેતુ શોકનું સ્વજન જતાં અનુષ્ઠાન કરે. ૧૧

ના જાણતો, ના સાંભળે? ના સન્મુખ તું દેખતો?
કદલીવત નિસ્સાર જગ સહુ ઇન્દ્રજાળ સમ જાણો;
ઇષ્ટ મરણે શું શોક કરવો? મનુષાકાર પશુ ખરે!
જેનાથી નિત પરમ સુખ પામે તેવું કાંઈક તું કરી લે! ૧૨

જે જન્મ્યો તે નિશ્ચિત મરશે, મૃત્યુ દિવસ જ્યારે આવે;
ત્રણ ભુવનમાં ત્યારે તેનો રક્ષક ના કોઈ મળે છે;
તેથી જે પ્રિયજનના મરતા, શોક અધિકો કરશે;
કરી પુકાર તે રુદન કરે છે, મૂઢ વિજન વનમાંહે. ૧૩

ઇષ્ટ વિયોગ, અનિષ્ટયોગ જે જગમાં થાય છે જાણો;
પૂર્વ પાપ ફળ છે બન્ને, એ ચેતન! ઉર આણો;
શોક કરો શા કારણ? પાપનો નાશ કરો, મત રોવે;
ઇષ્ટ વિયોગ, અનિષ્ટ યોગનો જન્મ ન જેથી હોવે. ૧૪

ઇષ્ટ વસ્તુનો નાશ થતાં પણ શોકારંભ તો કરજો—
જો તેનો લાભ, સુયશ ને સુખ અથવા ધર્મ મળતો;
ચારેમાંથી એકપણ નહીં જો બહુ પ્રયત્નથી મળતું;
વૃથા શોક રાક્ષસ વશ થઈ કોણ સુધી સુખ ખોતું. ૧૫

એક વૃક્ષ પર આવી પક્ષી રાતવાસો જેમ કરે;
પ્રાતઃ ઉઠી સહુ દશ દિશ જાતા, ડેરો ઉખડી જાય છે;
તેમજ કુલ સ્થિતિ કરી બહુ પ્રાણી મરીને અન્ય કુળોમાં;
જઈ વસે છે, ક્યા હેતુ સુબુધ શોક કરો હૃદયમાં. ૧૬

જડતા-તમથી વ્યાપ્ત જગતવન, જ્યાં દુઃખ ગજ વિચરે છે;
દુર્ગતિગૃહ સહાય, કુપથથી જ્યાં સહુ જીવ ભ્રમે છે;
ત્યાં અતિ નિર્મળ, જ્ઞાનપ્રકાશક ગુરુવચ દીપ જગે છે;
જે પામીને સુપથને દેખી, સુખપદ સુબુધને મળે છે. ૧૭

જે નિજકર્મ રચિત છે ભવિજન, મરણઘડી જગમાંહી;
જીવ ત્યારે મરે છે નિશ્ચિત, આગળ-પાછળ નાંહી;
તોપણ પુરવ શોક રાખિ અતિ, બહુ દુઃખભાગી થાયે;
કાળ પાકતા મરે જો કોઈ નિજ પ્રિયજન જે છે. ૧૮

તરુથી તરુ પર પક્ષી, મધુકર તેમ પુષ્પ પર જાતા—
તેમ જીવ ભવ છોડી બીજા ભવને અપનાવે આ જગમાં;
એ રીત જીવની અસ્થિરતા જાણી, સુબુધજન જે છે;
જન્મ-મરણ સ્વજનાદિકથી હર્ષ ન શોક કરે છે. ૧૯

ભમતા કાળ અનંત જગતમાં, જીવ ન નર ભવ પામે;
જો પામે તોપણ દુષ્કુળમાં પાપથી ફરી નાશ પામે;
સત્કુળમાં ગર્ભમાં મરતો, લઈને જનમ પણ મરતો;
બાળપણે વા મરતો, તો અવસર આ, શાને યત્ન ના કરતો. ૨૦

સ્થિર સતરૂપ સદા આ જગ તે ઊપજે ને વિનશે છે;
પર્યાયાન્તર કરી ક્ષણ-ક્ષણમાં, મેઘપટલ જાણે છે;
તેથી જગમાં જન્મ-મરણથી ઇષ્ટ જનોના ચારો!
હર્ષ છે શાનો? શોક વડે શું સાધ્ય? તે વિચારો. ૨૧

સાગર, પર્વત, દેશ, નદીઓ માનવ ઓળંગી જાતો;
મરણ સમય પલક માત્ર તે દેવ ન ટાળી શકતો;
તેથી મરતા કોઈ સ્વજનના શ્રેય ત્યાગી સુખદાયી—
સદા ઘોર દુઃખદાય શોકને કોણ કરે મતિ ધારી? ૨૨

સ્વજનો મરતાં જગમાં માનવગણ અતિવિલાપ કરે છે;
જન્મ થતાં આનંદ, ત્યાં ગણધર પાગલપન બતલાવે;
કારણ, જડતા, દુશ્ચેષ્ટાર્જિત કર્મ-પ્રબન્ધ ને ઉદયે;
જન્મ-મરણ પરિપાટી મય છે આ સર્વ જગત સદાયે. ૨૩

ભ્રાન્તિ મોટી આ જગ જીવોની અથવા જડતા છે;
બહુ દુઃખ-જાલ જટિલ જગતમાં આપદમાં શોક કરે છે;
ભૂત, પ્રેત, ચિત્તા, શિયાળ અમંગળમય સ્મશાનેથી;
ઘર બનાવી, ભયકાર વસ્તુથી શી શંકા મનમાંહી? ૨૪

નભમંડળમાં ચંદ્ર ભ્રમે તેમ જગમાં પ્રાણી ભમે છે;
ગતિ ઉદયાસ્તની જેમ જ હાનિ-વૃદ્ધિને કરતો;
એક રાશીથી અન્ય રાશિમાં જેમ શશિ ગમન કરે છે;
દેહ તજી, ધારે તન કલુષિત, જીવ-હર્ષ-શોક છે શાને? ૨૫

વિદ્યુત સમ ક્ષણભંગુર સ્ત્રી-પુત્રાદિક, એ સૌ જાણો;
નાશ થતાં ખેદ છે શાનો? જે નર ચતુર કહાયો;
ઉપજ, વિનશ, ટકવું એ સ્વભાવ સરવ દ્રવ્યોનો—
અગ્નિ સ્વભાવે ગરમ હોય છે, વ્યભિચાર ના ત્યાં આવે. ૨૬

મરણ શોકથી ઇષ્ટજનોના, ઊપજે કરમ અશાતા;
તેની પછી શત શાખા ફળતી દેહોમાં દુખ દાતા;
નાનું વડ બીજ, ખેતર વાવ્યું જેમ ભવ્ય પ્રાણી—
બહુ વિસ્તાર ધરે, પ્રયત્નથી શોક અતિ તજો પ્રાણી. ૨૭

ક્ષણ ક્ષણમાં આયુ ક્ષય છે, તે યમ-મુખને સહુ છે જાણે;
તે મુખમાં સહુ જીવ ગયા છે શોક એકનો અન્યને શાને? ૨૮

જે યમ ગોચર છે ન જગતમાં, નહીં થયું ના થાશે;
તે જ મરણના શોકથી શોભે, અન્ય વૃથા શું રોવે? ૨૯

પહેલા ઉંચો ચડી સૂરજદેવ નિજ પ્રકાશને પ્રકાશતો;
તે જ દિવસ તે નીચે ઉતરે નિજ પતન અનુભવતો;
એ દેખીને કોણ એ માનવ જેના ઉર શોક વસશે?
પર્યાયોનો પલટો થાતા સકલ વિવેક ગયો છે. ૩૦

શશિ, સૂરજ ને પવન ખગાદિક આકાશે જ વિચરે છે;
ગાડી, ઘોડા આદિ થલચર ભૂ પર ગમન કરે છે;
મીનાદિક છે જળમાં ચાલતા, યમ સર્વત્ર વિચરે છે;
મુક્તિ વિના ક્યા સ્થાનક જીવના યત્નો સફળ બને છે. ૩૧

કર્મ ઉદયની પાસે શું છે દેવ-દેવતા ભાઈ?
વૈદ, મંત્ર, ઔષધ શું કરશે, મણિ, વિદ્યા ચતુરાઈ?
તેમજ મિત્ર નૃપાદિક આશ્રય ત્રણ લોક માંહે જે;
એ સૌ મળીને પણ કર્મોદય ટાળવા સમરથ ક્યાં છે? ૩૨

અણિમાદિક ઋદ્ધિધારક દેવને સમર્થ ન જાણે;
ધ્વસ્થ થયા જેઓ રાવણથી, તેનું બળ પણ ક્યાં છે?
રામ મનુજ જેને માર્યો ઓળંગી દરિયાને;
તે રામ પણ યમ ગોચર, વિધિથી કોણ બળી છે? ૩૩

વ્યાપી રહ્યો છે શોક દાવાનલ આ ભવવન માંહી;
મૂઢલોક—મૃગ નારિ મૃગીમાં ત્યાં વસતો લીન થઈ;
કાળવ્યાધ નિર્દયી સદા સન્મુખ એ સૌને મારે;
શિશુ નહિ, તરુણ, વૃદ્ધ નહીં એનાથી બચી શકે છે. ૩૪

લક્ષ્મી ચારુલતા યુત વનિતા વેલ આલિંગત જાણો;
પુત્રાદિક પ્રિય પાત્ર રતિસુખ ફળ સહિત પ્રમાણો;
એ રીત ઉપજે ભવવન જનતરુ, કાળ દાવાનળથી જે;
વ્યાપ્ત ન હો તો અન્ય કોઈ શું બુધજન અવલોકે જે. ૩૫

ઇચ્છે છે સુખ માનવ જગમાં, કર્માનુસાર છે પામે;
મરણ જરૂર મળે છે તો પણ સહુ એનાથી ભય પામે;
એ રીત ઇચ્છા, ભય, લીન ચિત્ત બની વ્યર્થ મોહવશ પ્રાણી;
દુઃખ લહર યુક્ત ભવસમુદ્રમાં પડે કુમતિ અજ્ઞાની. ૩૬

ઇન્દ્રિય સુખ-જળમાં ક્રીડા નિત જગત સરોવર માંહી—
યમ માછી કર પાથરી ચમકિત જાળ વિસ્તારી;
તેમાં ફસતો લોકરૂપ આ દીન-મીન સમૂહ છે;
નજીક પ્રાપ્ત જે ઘોર આપદા તેને ના દેખે છે. ૩૭

પૂર્વ બહુ જીવને યમગોચર જાતા સાંભળી—દેખીને;
આત્મ સ્થિરતા માને જીવ જે તે મોહી કહેવાયે;
વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતા પણ જે ન ધરમ ચિત્ત લાવે;
અધિક અધિક તે પુત્રાદિક બંધનથી આતમને બંધાવે. ૩૮

નિર્બલ સંધિ બંધનયુત દેહ અધકર્મ શિલ્પિ નિમિત્ત જે;
મલ દોષાદિ ભરેલું નશ્વર, વિનાશને નહીં વાર જેને;
આધિ-વ્યાધિ-જર મરણાદિક હો તો આશ્ચર્ય તેમાં શું છે?
અચરજ છે કે બુધજનો પણ દેહમાં અવલોકે સ્થિરતાને. ૩૯

સાગરાન્ત ભૂમિ ભોગવી, ઇચ્છિત લક્ષ્મી જગમાં પામી;
તે રમણીય વિષયો પણ પામ્યા, દેવને દુર્લભતા જેની;
પણ પાછળથી આવશે મૃત્યુ તેથી એ બધું વ્હાલા રે!
ચક્રવર્તી રાજાનું બળ કાર્યકારી ક્યાં સુધી છે? ૪૦

રણમાં ત્યાં સુધી સમરથ રથ, ગજ, અશ્વ, વીરનું ગૌરવ છે;
મંત્ર, પરાક્રમ, ખડગ ત્યાં સુધી સાધક કાર્ય સહુ છે;
જ્યાં સુધી ભૂખ્યો ભક્ષણ ઇચ્છુક નિર્દય કાળ નહીં આવે;
ક્રોધિત થઈને દોડે સન્મુખ, પૂર્વ યત્ન બુધજન ધારે. ૪૧

રાજા પણ ક્ષણમાં વિધિવશથી અવશ રંક થઈ જાતા;
સર્વ વ્યાધિથી રહિત તરુણ પણ શીઘ્ર નાશને થાતા;
બીજાથી શું? સારરૂપ જે ધન, જીવન એ બે જાણો;
એની આવી સ્થિતિ જગમાં, તો અભિમાન છે શાને? ૪૨

મુષ્ઠીથી તે વ્યોમ હણવા કે શુષ્ક નદી તરવા જાય છે;
વ્યાકુળ થઈ કે મત્ત-તૃષાતુર થઈ મૃગજળ પીવે છે;
ઉંચા પર્વત શિખર પવનથી કમ્પિત દીપ સમાની;
ધન, કાંતા, સુતાદિકમાં મદ કરતો, માનવ છે માની; ૪૩

વ્યાધ-મૃગી ચપળ લક્ષ્મીને ભૂપતિ મૃગ અપનાવી;
પુ(ભ્રા)ત્રાદિક અન્ય મૃગોને ક્રોધથી મારે, ઇર્ષા લાવી;
આપદ-ધનુષ-ભયંકર સજેલ ને તીર તાણેલા;
કાળ વ્યાધને ના દેખે, ક્રોધિત રૂપ સન્મુખ આવેલા. ૪૪

મોહી થઈને ઇષ્ટ મરણ પર શોક કરે છે જે પ્રાણી;
લાભ ન તેને રંચમાત્ર પણ વિપુલ સહે છે તે હાની;
દુઃખ વધે ધર્માદિ નાશ ને મતિ વિભ્રમ થઈ જાશે;
પાપ, રોગ, કુમરણ થાય જે જગમાં ભ્રમણ કરાવે. ૪૫

આ જગ છે સહુ દુઃખ સદન જ્યાં વસવા સ્થાન લીધું છે;
દુઃખોથી શા હેતુ સુજન તો ચિત્ત નિજનું અકળાય છે?
જે નિજનું ઘર બાંધી રહ્યા છે માનવ મધ્યચોક વાળું;
ઓળંગવાના ભયથી ત્યારે શાને મનમાં ત્રાસિત થાવું? ૪૬

શું તેને વાતુલ કહેવો અથવા ભૂતાવિષ્ટ જાણો?
ભ્રાંતચિત્ર શું તેને જાણો અથવા પાગલ કહેવો?
જીવનાદિકની વિદ્યુત ચાલ, જે દેખે અને જે જાણે;
કાનોથી જે સાંભળે તોપણ નિજ હિતને ના સાધે. ૪૭

હાં! મૈં તેને દવા ન આપી, માંત્રિકને ના બતલાવ્યા;
એ રીત શોક ન કરવો બુધજન, સ્વજન તજે જ્યાં કાયા;
કારણ, કાળ સમીપ માનવના શિથિલ યત્નો સહુ થાતા;
જળ, સિંચિત-દૃઢ આર્થિક બંધન, જેમ ઢીલા પડી જાતા. ૪૮

કાલાદિક પામી તેજયુક્ત જે કર્મ સિંહ બલધારી;
તેનાથી પકડ્યો શરણ રહિત ભવ વનમાં જીવ અવિચારી,
મારી પત્ની, મારા ધન-ગૃહ, મારો પુત્ર પરિવારો,
અજ-સુતસમ તે મેં-મેં કરતો મરણ પામે બિચારો. ૪૯

યમથી અતિશય પીડિત નિજની આયુ સહુજન જાણો;
દિવસ તેના મોટા ખંડ છે, એ નિશ્ચિત ઉરમાં આણો;
તેને નિત નિજ સન્મુખ ખરતાં દેખીને પણ જે પ્રાણી,
નિજને સ્થિર માની રહ્યો છે, તે શું નથી અજ્ઞાની? ૫૦

ઇન્દ્ર-ચંદ્ર પણ નિશ્ચય કાળમુખ જ્યારે થાય છે;
નિર્બળ જન, અલ્પાયુ કીટ સમની શું વાત બતલાવે?
તેથી સ્વજન મરણથી ભવિજન મોહ વૃથા ના કરવો;
કાળ ના દેહે ખેલવા આવે, તેથી શીઘ્ર આતમ પામો. ૫૧

જે સંયોગ-વિયોગ સહિત તે જન્મ-મૃત્યુ યુત માનો;
સંપદ-વિપદા, સુખ-દુઃખથી નિશ્ચય ભાવ્ય સુજાનો;
વારંવાર ગતિ-જાતિ અવસ્થા ધર બહુવિધ જગમાંહી,
જીવ નાચતો, ના હર્ષ શોક ત્યાં રહે કદિ સંત મનમાંહી. ૫૨

નિજહિત ચિંતા નિશદિન કરે લોક-નિજ મનમાંહી;
પણ ભાવી અનુસાર થાય સહુ, તેમાં સંશય નાહીં,
મોહવશ ફેલાયેલા વિકલ્પને જીવ સહુ દો ત્યાગી;
રાગ-દ્વેષ વિષ રહિત સદા સુખમાં રહેતા બડભાગી. ૫૩

ભવિજન આ ઘર, નારી, સુત ને જીવન આદિ જાણો;
પવન પ્રતાડિત ધ્વજા-વસ્ત્ર સમ ચંચલ સકલ વખાણો;
છોડી ધન, સ્ત્રી, મિત્રાદિનો આ મોહ મહા દુઃખદાયી—
'ચૈતન્ય' ઘરમમાં પ્રીતિ કરો. વધુ શું કહેવું ભાઈ. ૫૪

પદ્મનંદી મુનિ-મુખ વાદળમાંથી ઉપજી બુધ-હિતકારી;
પુત્ર, મિત્ર, ભાર્યાદિના શોક આતાપ મિટાવન વાળી,
અમૃત વૃષ્ટિ, સુબોધ ધાન્યની જે દે જન્મ દેનારી; ર
જયવંત વર્તો જગમાં આ અથિર ભાવના પ્યારી. ૫૫

સમાપન તા. ૧૬-૧-૧૨, સોમવાર

પાંચ પુસ્તિકા રચના તા. ૧૦-૧-૧૨ થી તા. ૧૬-૧-૧૨, (પાંચ દિવસ)

# ૩. પંડિત પૂજા

(સંસ્કૃત મૂળ રચના : શ્રી જિન તારણતરણ)

(શ્લોક સંખ્યા-૩૨, પંક્તિ સંખ્યા ૬૪, પુષ્પ-૫૧)

ગુજરાતી પદ્યાનુવાદ : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)

(રચના : તા. ૧૦-૧-૧૨ થી તા. ૧૧-૧-૧૨/ એક દિવસ)

ૐ શબદનો ભાવ છે, અવિનાશ જ્ઞાનમયી આતમા,<br>
તે સૂચવે સર્વ ઉત્કૃષ્ટ, સ્વરૂપ આતમતણાં. ૧

નિશ્ચયનય જે જાણતો શુદ્ધાત્મને પહિચાનશે;<br>
શુદ્ધગુણનો અનુભવ કરે, શાશ્વત, ધ્રુવ નમસ્કાર તે. ૨

'ૐ નમઃ' શબ્દભાવને, ભગવાન અનુભવ સમજવો;<br>
સાચી દેવ પૂજા તે કરે, પંડિત ખરો તે જાણવો. ૩

જ્ઞાનાત્મનો અનુભવ કરે અરહંતને તે જાણતો;<br>
અચક્ષુદર્શન-મન વડે દર્શનોપયોગે દેખતો. ૪

મતિ-શ્રુત પૂરણ જાણતો તે પાંચ જ્ઞાન સ્વરૂપ છે;<br>
પંડિત ખરો તે જ્ઞાન ને શાસ્ત્ર થકી પૂજનીય છે. ૫

જે ૐ હ્રીં શ્રીકાર છે અવિનાશ દર્શન, જ્ઞાન છે;<br>
તે દેવ છે, શાસ્ત્ર, ધરમ, અવિનાશ સત્તા પદાર્થ છે. ૬

વીર્ય, અકારણ ધ્રુવ છે, ત્રણ લોકને દેખે ખરે;<br>
રત્નત્રય મય શુદ્ધ તે પંડિત ગુણ પૂજાય છે. ૭

દેવ, ગુરુ ને શાસ્ત્ર તથા શુદ્ધધર્મને વંદના કરું;<br>
અર્થવિલોક, તીરથ વંદીને, શુદ્ધાત્મ જળ સ્નાન કરું. ૮

ચેતન લક્ષણ ધરમનો, બુદ્ધિમાન છે અનુભવ કરે;<br>
જ્ઞાનરૂપ શુદ્ધ જળ વડે, ધ્યાનથી પંડિત જન સ્નાન કરે. ૯

ત્રિભુવન જ્ઞાન સુજ્ઞ શુદ્ધતત્ત્વ છે અનુભવે;
જ્ઞાનમય શુદ્ધજળ વડે જ્ઞાનપંડિતો સ્નાન કરે. ૧૦

સમકિતરૂપી શુદ્ધ જળે સર જ્ઞાનનું ભરેલ છે;
ધ્રુવ, અનંત જ્ઞાન સરોવરે, ગણધર ત્યાં સ્નાન કરે. ૧૧

શુદ્ધાતમ ચેતનભાવ છે, ધ્રુવ સમકિત શુદ્ધ છે;
શુદ્ધભાવમાં સ્થિર બને પંડિતનું જ્ઞાન સ્નાન તે. ૧૨

તે જ્ઞાનરૂપી જળવડે ત્રિશલ્ય છે નષ્ટ બને;
કુજ્ઞાન, રાગાદિ તથા ભાવ અશુભ ત્યાં ધોવાય છે. ૧૩

અનંતાનુભાગ કષાય ને, પુણ્ય-પાપ સહુ ધોવાય છે;
દુષ્ટ કરમ પ્રક્ષાલિત તે સ્નાન પંડિતો કરે. ૧૪

ચંચળ મન ધોવાય છે, ત્રિકર્મ પણ ધોવાય છે;
પંડિત ત્યારે વસ્ત્ર ને, આભુષણે શોભિત બને. ૧૫

સદ્ભાવ ધરમવસ્ત્ર તેનું, રત્નત્રય આભૂષણ ખરે!
સમભાવરૂપી મુદ્રિકા, જ્ઞાનરૂપી ધ્રુવ મુગટ છે. ૧૬

શુદ્ધ દૃષ્ટિ દેખાય છે, મિથ્યાદૃષ્ટિ ચાલી ગઈ;
અસત્ય ના જરાય છે, અજ્ઞાનદૃષ્ટિ ના જરી. ૧૭

શુદ્ધ સમય દેખાય જ્યાં, શુદ્ધ સમકિત ધ્રુવ છે;
જ્ઞાન પૂરણ, બુદ્ધિમાન ને નિર્મળદૃષ્ટિ દેખાય છે. ૧૮

લોક, દેવ, પાખંડની ત્રિમૂઢતા દેખાતા નથી,
છ અનાયતન, મદ આઠ ને, અષ્ટદોષ શંકાદિ નથી. ૧૯

શુદ્ધ પદે દર્શન અને જ્ઞાનમયી શુદ્ધ સમકિત દીસે;
વિદ્વાન લોકોથી તેમને પંડિત દૃષ્ટિ કહેવાય છે. ૨૦

જ્ઞાનાગ્રમાં સ્થિર બને, ધ્રુવ, નિર્ગ્રંથને જે વેદતો;
ત્રિલોક સમય અનુભૂતને વેદ-વેદાંત પંડિત કહો. ૨૧

ઉચ્ચારણ ઉર્દ્ધ શુદ્ધનું, શુદ્ધ તત્ત્વની તે ભાવના;
આરાધન પંડિત પૂજા. જિન સમયની તે પૂજના. ૨૨

તેણે જ જિન પૂજા કરી, પંડિત પૂજા સદા કરી;
શુદ્ધાત્મની પૂજા કરી, મુક્તિ જવા કારણ ખરી. ૨૩

અજ્ઞાની, અદેવ, મૂઢ ને પૂજના અગુરુ, અપૂજની;
મિથ્યાત્વ તેને જાણજો, વૃદ્ધિ થશે સંસારની. ૨૪

શુદ્ધ તત્ત્વને પ્રકાશતા, શુદ્ધાત્મનું પૂજન કરું;
પંડિત વંદન તે પૂજના, મારગ મુક્તિ સંશય ના કરું. ૨૫

આત્મેન્દ્ર ગુણથી પૂર્ણ છે, શુદ્ધ સ્વભાવને ભાવજે;
શુદ્ધ અર્થ, શુદ્ધ સમય તે શુદ્ધેન્દ્ર દેખાય છે. ૨૬

નિજ આચરણ પૂજા કરે, શુદ્ધ દાન નિજ દેનાર છે;
જે હૃદયમાં સમકિત, જ્યાં શુદ્ધ સ્થિર ભાવના બને. ૨૭

જ્ઞાનમય ધ્રુવ, શુદ્ધદૃષ્ટિ ને સદા દેખો તમે;
શુદ્ધ તત્ત્વને આરાધીને વંદન, પૂજન કરો તમે. ૨૮

સંઘ ચાર પણ શુદ્ધાત્મની ભાવના ભાવો તમે;
શુદ્ધાત્મનું શરણું ખરું, ધ્રુવ સ્વરૂપ જિનદેવ ભણે. ૨૯

સપ્તતત્ત્વ, છ દ્રવ્ય, પંચ અસ્તિકાય, પદાર્થ નવે;
ધ્રુવ એક ચેતન નિશ્ચયે સારરૂપ વસ્તુ કેવળી ભણે. ૩૦

દર્શનમોહ ત્રણ પ્રકાર કુજ્ઞાન ત્રિવિધ છોડીને
જીવ ભવ્ય શુદ્ધ ભાવે શુદ્ધ સમયને ગ્રહણ કરે. ૩૧

એ રીત પૂજવા યોગ્ય તે શુદ્ધાત્મ પૂજા ઉચિત છે;
વ્યવહાર ને નિશ્ચય જે મોક્ષમગ, તે શાશ્વત છે. ૩૨

સમાપન : સોનગઢ તા. ૧૧-૧-૧૨, બુધવાર, બપોરના ૩-૨૫



વિમોચન પ્રસંગે લેખકશ્રી સાથે શ્રી રમણિકભાઈ અજમેરા, પ્રમુખશ્રી, બ્ર. ચંદુભાઈ

# ૪. માલા રોહણ

## સંસ્કૃત મૂળ રચના : મુનિ તારણતરણ

(શ્લોક સંખ્યા-૩૨, પંક્તિ સંખ્યા ૬૪, પુષ્પ-૫૨)

ગુજરાતી પદ્યાનુવાદ – ધીરજલાલ પી. દેસાઈ. (ચૈતન્યપ્રિય)

(રચના : તા. ૧૧-૧-૧૨ થી તા. ૧૧-૧-૧૨) (એક દિવસ)

ૐ રૂપ વેદાંત શુદ્ધાત્મ છે, તત્ત્વાર્થનો તે સાર છે;
સમકિત-જ્ઞાન-ચરિત છે, વંદન કરું ચેતનરૂપને. ૧

ચતુષ્ટય ધર, મળરહિત જે ભગવાન વીરનાથ નમું;
કેવળરૂપ અનંત સિદ્ધો નમી, તત્ત્વપ્રબોધ માળા ગુણને કહું. ૨

કાયા પ્રમાણ બ્રહ્મરૂપી, નિરંજન, ચેતનલક્ષણ છે;
છે જ્ઞાનરૂપ, તે ધ્યાવતો શુદ્ધદૃષ્ટિ, વીર્યવાન તે. ૩

સંસારદુઃખ વિરક્ત જે, શુદ્ધાત્મ તે જિનવાણી કહે;
મદ, મોહ, રાગાદિક, નાશક તત્ત્વાર્થ જ્ઞાતા દૃષ્ટિ છે. ૪

ત્રિશલ્ય મનથી દૂર કરી જિનોક્ત ચેતન હૃદય રહે;
કુદેવ-ગુરુ-ધર્મથી હટી તત્ત્વાર્થ જ્ઞાતા શુદ્ધ છે. ૫

મોક્ષસુખ નર અનુભવે, શુદ્ધ સમકિતધારી તે;
રાગાદિ, પાપથી દૂર મમ આત્મસ્વભાવી શુદ્ધદૃષ્ટિ છે. ૬

કેવળજ્ઞાન વિલોક તત્ત્વ, શુદ્ધ પ્રકાશ, શુદ્ધાત્મ છે;
સુજ્ઞાન-દર્શન-ચરિતરૂપ સુખાનંત તત્ત્વ જુઓ તમે. ૭

મમ હૃદય શુદ્ધ દૃષ્ટિ છે, ગુણમાળ શક્તિથી ગૂંથેલ છે;
ગ્રંથમુક્ત દેવાધિદેવ ગુરુ, અહિંસા ધર્મ, ક્ષમામધ્ય રહે. ૮

સાર તત્ત્વાર્થનો ગ્રહો, મલ રહિત શુદ્ધ સમકિત છે;
શુદ્ધ જ્ઞાન-ચરિત વીર્ય છે, શુદ્ધાત્મ તત્ત્વ વંદન તને. ૯

સપ્ત તત્ત્વ, છ દ્રવ્ય ને, નવ પદાર્થ અસ્તિકાય સહુ—
ચેતનરૂપ, વિશ્વ પ્રકાશ જે શ્રુતજ્ઞાન તત્ત્વ હું જાણું છું. ૧૦

દેવ-શાસ્ત્ર-ગુરુ સિદ્ધ ગુણો સોલહ કારણ વળી—
દર્શન-જ્ઞાન-ચરિત ધરમને ગુણમાલમાં રહ્યો ગૂંથી. ૧૧

અગિયાર પ્રતિમા તત્ત્વ ને, વ્રત, શીલ તપ, દાન બધું;
મળ રહિત શુદ્ધ ત્રિરત્નને, આ માળમાં ગૂંથીશ હું. ૧૨

મૂળગુણ પાળે શુદ્ધ બને, શુદ્ધરૂપથી ધારો તમે;
જ્ઞાનમય શુદ્ધ ચરિત ધર તે શુદ્ધદૃષ્ટિ, શુદ્ધાત્મ છે. ૧૩

શાંકાદિ નથી, મદ આઠ નથી, ત્રિમૂઢતા, માયા નથી;
છ આયતન, દોષ પચ્ચીસ રહિત જ્ઞાની છૂટે મલથી. ૧૪

શુદ્ધાત્મ, શુદ્ધ પ્રકાશ છે, સર્વ સંકલ્પ-વિકલ્પથી હટો;
રત્નત્રયે શોભિત મૂળ, તત્ત્વાર્થની ભક્તિ કરો. ૧૫

ચેતનગુણે લીન જિન જે શુદ્ધદૃષ્ટિ દુઃખોથી છૂટે;
તે જ્ઞાન તત્ત્વ અનુભવી ક્ષણમાત્રમાં મોક્ષને વરે. ૧૬

જે શુદ્ધદૃષ્ટિ સમકિત પામે, હૃદ કંઠ ગુણ માળા ધરે;
નિત્ય સાર તત્ત્વનો પામીને સંસારપાર, મોક્ષસુખને વરે. ૧૭

ગુણ અનંતમાંથી કોઈ ગુણની માલ નિર્મળ સંક્ષેપમાં;
રત્નત્રય શોભિત સ્વભાવ તત્ત્વાર્થનો તે સાર આ. ૧૮

શ્રેણિક પૂછે મહાવીરને ગુણમાલ કોણ દેખેલ છે?
ધરણેન્દ્ર, ઇન્દ્ર, ગંધર્વ ને ચક્રવર્તી, યક્ષ વિદ્યાધર વડે? ૧૯

શું માળ આ ધનવાન ને રતનધારકે દેખેલ છે?
રાજ છોડી વન વસનાર ને તત્ત્વાનંત જાણનાર વડે? ૨૦

વીરનાથ શ્રેણિકને કહે, ગુણમયી આ માળને
ધનવાન, રાજાએ નહીં તત્ત્વ જાણકારે દેખેલ છે. ૨૧

શુદ્ધ દૃષ્ટિવંત સિવાય, ના કામ રત્ન અનંતનું;
ન ધન અનંતનું, ચક્રવર્તીનું, દેવરૂપ, ન જ્ઞાન તત્ત્વનું. ૨૨

પ્રકાર અનેક બહુ ઇન્દ્ર, ચંદ્ર, ધરણેન્દ્ર અને—
યક્ષો અનંતા થઈ ગયા ન દેખી માલા જિન કહે. ૨૩

શુદ્ધ સમકિતદૃષ્ટિ જે, સાત તત્ત્વાર્થસાર જ્ઞ છે;
આશા ભય સ્નેહ, લોભ નહીં, હૃદકંઠ ગુણમાળા ધરે. ૨૪

શુદ્ધદૃષ્ટિ તત્ત્વજ્ઞ જે, આત્મ સમાધિ જે પ્રાપ્ત છે;
હૃદ કંઠ માળા તે ધરે, મુક્તિ જશે, જિનવર કહે. ૨૫

શુદ્ધ સમકિત, મિથ્યા રહિત જે, લજ્જા, ભય ના ગૌરવે;
હૃદ કંઠ માળાને ધરે, મુક્તિગામી–જિનવર કહે. ૨૬

શુદ્ધ દૃષ્ટિ, જ્ઞાન ચરિત જે મિથ્યા, રાગાદિ અસતને તજે;
હૃદ કંઠ માળા લટકતી જુએ, શુદ્ધદૃષ્ટિ કર્મથી છૂટે. ૨૭.

જે ચાર ધ્યાનોને કરે, મદ, માન આર્તાદિ રહિત છે;
નિજ હૃદકંઠમાં ગુણમાળને લટકતી છે દેખી શકે. ૨૮

વેદ, ઉપશમ સમકિતધર, ત્રિમિથ્યા રહિત સમ્યક્ત્વ છે;
તત્ત્વજ્ઞ છે, મળ, રાગ ના, હૃદ કંઠ ગુણમાલા ધરે. ૨૯.

ચેતન અનુભવ થકી, વિનાશી અસત્ અસત્યને તજે,
જિન ઉક્ત પ્રકાશ ધરે, હૃદ કંઠ ગુણમાલા ધરે. ૩૦

શુદ્ધ, બુદ્ધ, ગુણ સ્વભાવી, રાગાદિ, કરમ ફળ જ્યાં નથી;
ધરમ પ્રકાશ, મુક્તિ પ્રવેશ તેણે હૃદ કંઠ ગુણમાળા ધરી. ૩૧

જે સિદ્ધનંત, મુક્તિપ્રવેશ, શુદ્ધ સ્વરૂપ ગુણમાલ ધરે;
જે ભવિ શુદ્ધદૃષ્ટિ જિન કહે, ગુણમાલ ધરી મોક્ષ જશે. ૩૨

(સમાપન : સોનગઢ તા. ૧૧-૧-૧૨, બુધવાર/ બપોરના ૫-૨૫)



વિમોચન પ્રસંગે પૂજ્ય લલિતાબા સાથે પરિવારજન

# ૫. કમલ બત્તીસી

(સંસ્કૃત મૂળ રચના : મુનિ તારણતરણ)

(શ્લોક–૩૨, પંક્તિ ૧૨૮, પુષ્પ નં. ૫૩)

ગુજરાતી પદ્યાનુવાદ : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)

(રચના : તા. ૧૧-૧-૧૨ થી ૧૨-૧-૧૨)

સર્વતત્ત્વ ઉત્કૃષ્ટ જે તત્ત્વરૂપ છે પરમાત્મા;
શુદ્ધોપયોગરૂપ ઉત્કૃષ્ટ ભાવ જે દેખાડતા;
જે પરમ જિતેન્દ્રિય જિન પરમ પદમાં સ્થિત છે;
સર્વ દેવમાં જે દેવ મહા, તેને નમન હું કરું ખરે! ૧

જિન પ્રગટ વાણી તત્ત્વને ગ્રહણ–શ્રદ્ધાન કરવું જોઈએ;
આતમ લક્ષ્મીથી આત્મિક કમલ પ્રકાશ બને;
તો નિરામુલ સમભાવનો અનુભવ ઝળકી જાય છે;
સ્વભાવ તે રમણ જે કરે તેને મોક્ષનો લાભ મળે. ૨

પરમાનન્દ જ્ઞાન સ્વભાવનો આ આતમા ધારક રહે;
રતન અદ્‌ભુત, રત્નત્રયને નિર્મળ જ્ઞાનનો ધારક ખરે;
મલરહિત છે, શુદ્ધ નિરંજન અભેદ સ્વભાવ સ્વરૂપ છે;
જે જ્ઞાન આનંદ લાભ કરે તે સિદ્ધગતિ પ્રાપ્ત કરે. ૩

મિથ્યાત્વનો જે ભાવ તેને પ્રથમ જિતવો જોઈએ;
સર્વ અસત્ય, અપર્યાય અવસ્થા મોહ ગળી જાય છે;
અંદર મિથ્યાજ્ઞાન તેનો સર્વ વિભાવ નિકળી જાય છે;
જૂના કરમ ક્ષય કરીને કર્મ સર્વથી મુક્ત બને. ૪

આત્માતણા આનંદમય સ્વભાવમાં મગન બને;
ચિદાનંદ પ્રકાશ પરિણત પરિણામ અશુદ્ધ હટે;
નિજ આત્મના જ્ઞાનવડે આનંદ જ્ઞાનમહીં મળે;
તે જ્ઞાન આનંદભાવથી કરમનો ક્ષય થાય છે. ૫

સ્વભાવેથી પાકે કરમ, તપથી પણ ક્ષય થાય છે;
પ્રકૃતિ થતા ક્ષય સ્વભાવમાં ક્ષાયિક સમકિત થાય છે;
ક્ષાયિક સમકિતવંત તે સ્વભાવનો અનુભવ કરે;
કરમ સઘળા ગળતા પછી શીઘ્ર કરમ મુક્તિ થાય છે. ૬

સ્વભાવ મનનો નાશવંત, ધ્રુવ સ્વભાવ તેનો નથી;
સંસાર ભ્રમણના ભાવ પણ છે નાશવંત, ધ્રુવ નથી;
આતમજ્ઞાન બળથી થાય તે ભાવ શુદ્ધ કહેવાય છે;
આનંદની શુદ્ધતા થતા તે મોક્ષમાં લઈ જાય છે. ૭

પ્રકાર ત્રણ સમકિતીને વૈરાગ્ય પેદા થાય છે;
રાગભાવ જનરંજન તણો ત્યાં તુરત ગળી જાય છે;
શરીર સુખ મગ્ન થવાનો દોષ છૂટી જાય છે;
મનરંજનના મદ ભાવથી તે તુરત રહિત થાય છે. ૮

ક્ષાયિક સમકિતવંતને દર્શનમોહ નષ્ટ થાય છે;
રાગાદિ દોષો જાય ને ઇન્દ્રિ વિષય ગળી જાય છે;
નિર્મળ નિજસ્વભાવનો પ્રકાશ ત્યાં થઈ જાય છે;
અનન્ત ચતુષ્ટય ત્યાં થતાં અરહંત તે બની જાય છે. ૯

સમ્યક્દૃષ્ટિવંત શુદ્ધ રત્નત્રય અનુભવ કરે;
પંચ અસ્તિકાય-જ્ઞાન ને પરમેષ્ઠિને સમજી શકે;
પંચાચાર ઠીક પ્રકારથી, આચરણ કરતો થાય છે;
સમકિતી શુદ્ધાત્મા મહીં જ રમણ કરતો થાય છે. ૧૦

દર્શન, જ્ઞાન, ચરિતના ત્રણ સ્વરૂપ પોતાને ગણે;
શુદ્ધાત્મને નિશ્ચય થકી તે પરમદેવ છે ગણે;
શુદ્ધાત્મને નિશ્ચયથકી ગુરુ પરમ તે માનતો;
નિશ્ચય શુદ્ધ સ્વભાવને ધર્મ પરમ તે માનતો. ૧૧

જાણવામાં શ્રેષ્ઠ સહુમાં કર્મવિજયી જિનવર ખરે!
પાંચમું જે જ્ઞાન કેવળ યથાર્થ સમ્યગ્જ્ઞાન છે;
આત્મજ્ઞાનનાં અનુભવેથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે;
કર્મમળ છૂટી જતાં ત્યાં સિદ્ધગતિ પ્રાપ્ત કરે. ૧૨

ચિદાનંદમય આતમાનું મનન કરવું જોઈએ;
જ્ઞાનાનંદ સુખાત્મનો પ્રકાશ ત્યારે પ્રગટશે;
એ આનંદ સહ શુદ્ધ સ્વભાવના અનુભવ વડે;
કર્મ કલંકની પ્રકૃતિ બધીનો ક્ષય તુરત થઈ જાય છે. ૧૩

આત્મા અને પરદ્રવ્યનો સ્વભાવ ભિન્ન વિચારીએ;
પરપરિણતિ રાગાદિ ને શલ્યો બધા છૂટી જશે;
જ્ઞાન-શુદ્ધ સ્વભાવનો અનુભવ ત્યારે થાય છે;
આનન્દ, શુદ્ધ સ્વભાવમાં આચરણ-રમણ તો થશે. ૧૪

શુદ્ધાત્મના રમણ થકી અબ્રહ્મ ભાવ નહીં બને;
રાગાદિવર્ધક વિકથાઓ, વિષયો બધા છૂટી જાય છે;
જ્ઞાન સ્વભાવી આતમા સ્વસમયરૂપ રહી જાય છે;
સમય સહાયે કર્મ છૂટે, પરમાનંદ પેદા થાય છે. ૧૫

જિનવાણીનો સ્વભાવ એવો તેહના મનન વડે;
મિથ્યા, કષાય નષ્ટ થઈ સર્વકર્મનો ક્ષય થાય છે;
જિનવાણી એ નિજ આત્મને શુદ્ધાત્મ છે દેખાડતી;
મલ, રાગાદિથી રહિત, તો પરમાત્મના દર્શન નક્કી. ૧૬

જિનધર્મતણી સુદૃષ્ટિ પ્રિય ને શુદ્ધ હોય છે;
હિતકરતણો સંયોગ ને અહિતકર વિયોગ બને;
જે આપણો પ્રિય આતમા, સ્વભાવ તેનો ઇષ્ટ છે;
શુદ્ધ સ્વભાવ રમણ થતાં કર્મોતણો ક્ષય થાય છે. ૧૭

સુદૃષ્ટિના અંદર મહીં અજ્ઞાન ના દેખાય છે;
તે જ્ઞાનમય સ્વભાવથી શુદ્ધાનંદને છે ભોગવે;
આતમજ્ઞાનમાં તેમના અંતર નહીં દેખાય છે;
પરંતુ પરપરિણતિમહીં અંતર સદાયે બની રહે. ૧૮

જ્ઞાનીની અંદર આતમા સ્વભાવમાં ઝળકી રહે;
હું આતમા શુદ્ધાતમા મમલ હું પરમાતમા;
ઉત્કંઠ મુજ આત્મનો સર્વોત્તમ સ્વભાવ છે;
મૂર્ત રહિત અમૂર્ત છે, તે શુદ્ધ જ્ઞાનાકાર છે. ૧૯

કર્મમળથી રહિત મુજ શુદ્ધ સ્વરૂપી આતમા;
જ્ઞાનમય, પર ભિન્ન તે કેવળજ્ઞાનનું કારણ સદા;
જિનેન્દ્ર એમ કહેલ છે, જિનવાણી એમ બતાવતી;
જિનેન્દ્રના શરણે જતાં પ્રાપ્તિ થાય મોક્ષતણી. ૨૦

સંસારના જીવો બધાં ષટ્કાય વિભાજિત કહ્યા;
ભાવ દયાના થાય ત્યાં મમલ ભાવની પ્રાપ્તિ થતા;
એ અહિંસક ભાવ પણ આત્માતણો સ્વભાવ છે;
એ દયા ભાવથી જીવ ત્યાં ક્લેશમલથી દૂરે રહે. ૨૧

સમકિતીને એકાંત ને વિપરીત મિથ્યાત્વ નથી;
મધ્યસ્થ તે નિર્મળ ને શુદ્ધ સ્વભાવને રાખતો;
સ્વભાવ શુદ્ધ અનુભવ મોક્ષમગ કહેવાય છે;
એ શુદ્ધ દૃષ્ટિ સ્વભાવમાં કરમનો ક્ષય થાય છે. ૨૨

જે જીવ જગના પ્રાણીને ક્લેશ દઈ પીડિત કરે;
અનુમોદના આનંદ માને જરૂર દુર્ગતિ તે જશે;
પ્રાણી વિરોધી સ્વભાવમાં રાગી-દ્વેષી બનતા રહે;
સંસારમાં ભ્રમણ કરી બીજ દુઃખોના વાવી ફરે. ૨૩

નિજજ્ઞાન સ્વભાવે આતમા જામી રહે, સ્વસમય છે;
આનંદરૂપ તે જ્ઞાન છે શુદ્ધ કેવળનું કારણ બને;
જે જ્ઞાન કેવળ તે ખરે ખરું સ્વરૂપ છે જ્ઞાનનું;
કર્મમળથી રહિત થઈ સ્વરૂપ સિદ્ધ પ્રાપ્ત થતું. ૨૪

પરમપ્રિય છે પદ જે આત્મિકપદ તે ઇષ્ટ છે;
આત્મિક આનંદ ઇષ્ટ, કો પ્રકાર અનિષ્ટ ના રહે;
આનંદનો અનુભવ થતાં પર પરિણતિ વિલય થતી;
જ્ઞાન સ્વભાવના રમણથી જીત કર્મોથી ત્યાં થતી. ૨૫

જિનવાણી છે શુદ્ધ પરમ, શુદ્ધાત્મને બતલાવતી;
આનંદમય તે મલરહિત અનુભવ કરાવા સમર્થ કહી;
આત્માતણો સ્વભાવ પરમ શુદ્ધ સ્વરૂપ છે;
ત્યાં રમણ કરતા રતનત્રય સ્વરૂપ લાભ થાય છે. ૨૬

શુદ્ધાત્માના મનન થકી ઉત્કૃષ્ટ ગુણ ઝળકી જાય છે;
ઉત્કૃષ્ટ ભાવને કારણે કરમ નિર્જરી જાય છે;
શ્રેષ્ઠ અને પ્રિય કમળ આતમ વિકસીત થાય છે;
કમળરૂપ શુદ્ધ આતમ કમળભાવ ઝળકી જાય છે. ૨૭

જિનવાણી તે બહુ જ સહાય કરનારી હોય છે;
મિથ્યાત્વ ને અજ્ઞાન વળી શલ્ય ચાલ્યા જાય છે;
વિષય કષાય ઇન્દ્રિયો પાંચની ઇચ્છા શમન થાય છે;
જ્ઞાનાનંદ સ્વભાવે લીન થતાં કર્મમળ દૂર થાય છે. ૨૮

આત્મકમલ સ્વભાવમાં, પ્રકાશતો પરમાત્મમાં;
છ ગુણ ને ત્રિરત્ન ઝલકે શુદ્ધ સ્વાભાવિક આનંદમાં;
ત્યાં આતમા દર્શન-જ્ઞાનમય સ્વરૂપ આચરણ કરે;
ચારિત્રનાં આનંદમાં કર્મક્ષયમાં સિદ્ધપદને લહે. ૨૯

સંસારનું ભ્રમણ પછી તે સિદ્ધને હોતું નથી;
અશુદ્ધ પરિણતિ વિભાવની પર્યાય ત્યાં હોતી નથી;
ત્યાં જ્ઞાન કેવળ કમળની સમાન પૂરણ પ્રકાશશે;
ત્યાં જ્ઞાન શુદ્ધ જ હોય છે, આનન્દ પણ શુદ્ધ જ રહે. ૩૦

જિનકથિત તત્ત્વો પરે, શ્રદ્ધાન સાચું રાખજે;
છે આતમા પરમાતમા, તે શુદ્ધ છે, વીતરાગ છે;
ધર્મરૂપ સ્વભાવે જે રમે, શુદ્ધાત્મરૂપ ધ્યાવે સદા;
કર્મ સહુ ક્ષય થાય ત્યાં, પરમાત્મપદ પ્રાપ્ત થતા. ૩૧

જિન દેખ્યું જે કહ્યું શુદ્ધાત્મ સ્વરૂપ વર્ણવેલ છે;
ત્રિયોગે કરી વશ આતમ ધ્યાનથી કરમ જીતે;
ત્યાં જ્ઞાન ને આનંદ તેના શુદ્ધ બની જાય છે;
તે પૂર્ણ શુદ્ધ થઈ પછી મુક્તિને પ્રાપ્ત કરે. ૩૨

શરૂઆત— ૧૧-૧-૧૨, સમાપન તા. ૧૨-૧-૧૨ (બપોરે, સમય ૨:૪૭)
ત્રણ બુક્સ (સમય તારણ) શરૂઆત - ૧૦-૧-૧૨, સાંજના ૭-૩૦
સમાપન - ૧૨-૧-૧૨ બપોરના ૨-૪૭
કુલ સમય ૪૩ કલાક (૩ બુક માટે) એક બુક માટે સરેરાશ સમય ૧૪ કલાક

## 'કહાન મહિમા' પ્રકાશન (ચૈતન્યપ્રિય રચિત પદ્ય રચનાઓ)ના પુષ્પોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | કહાન મહિમા | ૩૪ | ૧૯૯૫ |
| ૨. | જીવસૂત્ર | ૩૧૨ | ૨૦૦૧ |
| ૩. | સમકિતસૂત્ર | ૩૯૩ | ૨૦૦૧ |
| ૪. | પુણ્ય-પાપસૂત્ર | ૪૦૭ | ૨૦૦૨ |
| ૫. | કારકસૂત્ર | ૬૩૩ | ૨૦૦૨ |
| ૬. | દૃષ્ટિસૂત્ર | ૩૯૫ | ૨૦૦૨ |
| ૭. | માત મહિમા | ૩૨ | ૨૦૦૨ |
| ૮. | માર્ગસૂત્ર | ૨૫૫ | ૨૦૦૨ |
| ૯. | ઉપાદાનસૂત્ર | ૨૫૧ | ૨૦૦૩ |
| ૧૦. | ભાવનાસૂત્ર | ૧૮૦ | ૨૦૦૩ |
| ૧૧. | નયસૂત્ર | ૮૬ | ૨૦૦૩ |
| ૧૨. | જ્ઞાનસૂત્ર | ૯૬ | ૨૦૦૩ |
| ૧૩. | દેવસૂત્ર | ૪૫૭ | ૨૦૦૩ |
| ૧૪. | દ્રવ્યસૂત્ર | ૧૦૫ | ૨૦૦૩ |
| ૧૫. | પુરુષાર્થસૂત્ર | ૧૬૦ | ૨૦૦૩ |
| ૧૬. | પંચતત્ત્વસૂત્ર | ૧૯૪ | ૨૦૦૩ |
| ૧૭. | ચંપામૃત (હિન્દી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૧૮. | કહાનામૃત (હિન્દી) | ૧૦૭૦ | ૨૦૦૪ |
| ૧૯. | ચંપામૃત(ગુજરાતી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૨૦. | કહાનામૃત (ગુજરાતી) | ૧૧૭૦ | ૨૦૦૪ |
| ૨૧. | જૈન ભજન ભાગ-૧ | ૫૭ | ૨૦૦૫ |
| ૨૨. | ધન્યાવતાર દ્વિશતક | ૨૦૦ | ૨૦૦૬ |
| ૨૩. | દેવ-ગુરુ-શાસ્ત્ર અશાતના | ૧૪૮ | ૨૦૦૭ |
| ૨૪. | નવયુગ વિશેષાંક (૧) (૭૫ સમ્યક્ત્વ જયંતી વિશેષાંક) અમરેલી | ૮ | ૩-૨૦૦૭ |
| ૨૫. | નવયુગ વિશેષાંક (૨) (૧૧૮ જન્મજયંતી વિશેષાંક) અમરેલી | ૭ | ૪-૨૦૦૭ |
| ૨૬. | કહાન તત્ત્વસાર | ૩૯૦૦ | ૨૦૦૭ |
| ૨૭. | નવયુગ વિશેષાંક (૩) (૯૪મી જન્મ-જયંતી વિશેષાંક) અમરેલી | ૨૨ | ૮-૨૦૦૭ |
| ૨૮. | નવયુગ વિશેષાંક (૪) (દશલક્ષણ પર્વ વિશેષાંક) અમરેલી | ૮ | ૯-૨૦૦૭ |
| ૨૯. | મહાવીર | ૪૦૦ | ૨૦૦૭ |
| ૩૦. | નિયમસાર પદ્ય | ૧૭૬૦ | ૨૦૦૮ |
| ૩૧. થી ૩૪ | નવયુગ, નવસર્જન વિશેષાંક ૫ થી ૮ | | |
| ૩૫. | છ ઢાળા પદ્ય | ૫૬૦ | ૨૦૦૮ |
| ૩૬. | સમયસાર પદ્ય ભાગ-૧ | ૭૨૮ | ૮-૦૮ |
| ૩૭. | સમયસાર પદ્ય ભાગ-૨ | ૧૭૪૦ | ૧૧-૦૮ |

૩૮-૩૯-૪૦. સફળ શિક્ષક ભાગ-૧-૨-૩
૪૧. જૈન તત્ત્વ વર્ગીકરણ ભાગ-૧ ૨૦૦૯
૪૨. સફળ શિક્ષક ભાગ-૪ ૨૦૧૦
૪૩. નવસર્જન વિશેષાંક (૯૭મી જન્મજયંતી)
૪૪. બાહુબલી શતક (૧૦૦ શ્લોક) ૨૦૧૦
૪૫. સફળ શિક્ષક ભાગ-૫ ૨૦૧૦
૪૬. સફળ શિક્ષક ભાગ-૬ ૨૦૧૧
૪૭. રત્નમાલા પદ્ય ૨૦૧૧
૪૮/૩૬ વિદેહમાં બહેનશ્રી ૨૦૧૧
૪૯/૩૭ નવસર્જન (૭૯મી સમ્યક્ત્વજયંતી)
૫૦/૩૮ સફળ શિક્ષક ભાગ-૭ (અડતાળા)
૫૧/૩૯ પંડિતપૂજા ૫૨/૩૯ માલારોહણ
૫૩/૩૯ કમલબત્તીસી ૫૪/૩૯ બાર ભાવના
૫૫/૩૯અનિત્યપંચાશત ૫૬/૪૦ રયણસાર

## શૈક્ષણિક કાર્યક્રમોની ઝલક

* ૧૨૫ શૈક્ષણિક લેખો, ધબકાર, સુરત * ૨૦૦૦ ચિત્રોનું પ્રદર્શન * ૨૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનો * ૫૦૦ શાળા કોલેજો માટે ફન પ્રોગ્રામ્સ * ૧૦ શૈક્ષણિક વર્કશોપ આયોજન * ૧૦૦૦ જૈન તત્ત્વજ્ઞાનની ટ્રાન્સપરન્સી * ૧૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનોની ટ્રાન્સપરન્સી * ૨૫ હેલ્થકેર આલ્બમ (સંકલન) * ૪૦ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સેમિનાર * ૫ શૈક્ષણિક રાષ્ટ્રીય સેમિનાર પેપર્સ * ૩૧ વર્ષ બી.એડ. કોલેજ (વ્યાખ્યાતા, પ્રિન્સીપાલ) * ૫ વર્ષ માધ્યમિક શાળા (આચાર્ય) * ૨૫ શિક્ષણ/મનોવૈજ્ઞાનિક સાહિત્યના આલ્બમ * ૨૦ મનોવૈજ્ઞાનિક કસોટીઓનું પરીક્ષણ મૂલ્યાંકન * ૫૦૦૦ ગણિત કોયડાઓનું સંકલન * ૨૦૦ વિજ્ઞાનનાં મનોરંજક પ્રયોગો * ૨૦ મનોવિજ્ઞાનનાં પ્રયોગો * સેંકડો વર્તમાનપત્રનાં સમાચારોનું આલ્બમ * ૧૫૦ સંમોહનનાં પ્રયોગો * શાળા/કોલેજોમાં સેંકડો વ્યાખ્યાનોનું આયોજન * ૧૨,૦૦૦ શ્લોક / ૧૦૦ ભજનો.(જૈન)/ ૧૦૦ ડીવીડી. મોબાઈલ પ્રોજેક્ટરમાં જૈન ભજન રેકોર્ડીંગ

## 'ચૈતન્યપ્રિય'ની પદ્ય રચનાઓનું તથા શૈક્ષણિક કાર્યક્રમોનું ઓડિયો/વિડિયો રેકોર્ડિંગ

(ભેટ આપવામાં આવે છે. વેચાણ માટે નથી.)

| ઓડિયો કેસેટ્સ (ટેઈપ રેકોર્ડર માટે) | | | | દૃશ્ય-શ્રાવ્ય સી.ડી./ડી.વી.ડી. (જૈન તત્ત્વજ્ઞાન) | | | દૃશ્ય-શ્રાવ્ય સી.ડી. (શિક્ષણ, ફન પ્રોગ્રામ અને અન્ય) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કહાન મહિમા | ૧ | ૪ | કહાન તત્ત્વસાર (બુક) | ૧ | AV | ફન વીથ મેથ્સ (બી.એડ્.) | સુઘન્વા | AV |
| ૨ | કહાન મહિમા | ૨ | ૩ | કહાન તત્ત્વસાર (બુક) | ૨ | AV | એજ્યુ. લેક્ચર્સ (શિક્ષણ) | નોટ્સ | AV |
| ૩ | કહાન મહિમા | ૩ | ૫ | કહાન તત્ત્વસાર (બુક) | ૩ | AV | ફન પ્રોગ્રામ્સ (ભાવનગર) | વિ.વર્તુળ | AV |
| ૪ | કહાન મહિમા | ૪ | ૪ | કહાન તત્ત્વસાર (બુક) | ૪ | V | ફન પ્રોગ્રામ્સ(એલ.ડી.મુનિ. હાઈ.) | સિહોર | AV |
| ૫ | કહાન મહિમા | ૫ | ૫ | કહાન મહિમા (૩૦) | ૧ | A | ફન પ્રોગ્રામ્સ (કન્યા હાઈસ્કૂલ) | સિહોર | AV |
| ૬ | કહાન મહિમા | ૬ | ૬ | કહાન મહિમા (૫૪) | ૨ | A | ફન પ્રોગ્રામ્સ (સચ્ચિદાનંદ હાઈ.) | સિહોર | AV |
| ૭ | જૈન ભજન | ૧ | ૬ | કહાન મહિમા (૬૨) | ૩ | A | ફન પ્રોગ્રામ્સ (જ્ઞાનભારતી) | સિહોર | AV |
| ૮ | જૈન ભજન | ૨ | ૨ | કહાન દર્શન (૮) | ૧ | AV | ફન પ્રોગ્રામ્સ (મોડર્ન સ્કૂલ) | સિહોર | AV |
| ૯ | માત મહિમા | ૧ | ૨ | કહાન દર્શન (૭) | ૨ | AV | ફન પ્રોગ્રામ્સ (ગોપાલધામ) | બી.એડ્. | AV |
| ૧૦ | માત મહિમા | ૨ | ૫ | કહાન દર્શન (૫) | ૩ | AV | ફન પ્રોગ્રામ્સ (ટાટમ) | લોકશાળા | AV |
| ૧૧ | માત મહિમા | ૩ | ૪ | ધન્યાવતાર દર્શન (૮) | ૧ | AV | ફન પ્રોગ્રામ્સ (પાલિતાણા) | સતુઆબાબા | AV |
| ૧૨ | માત મહિમા | ૪ | ૬ | ધન્યાવતાર દર્શન (૯) | ૨ | AV | ફન પ્રોગ્રામ્સ (આંબલા) | લોકશાળા | AV |
| ૧૩ | માત મહિમા | ૫ | ૬ | માત આવ્યા (સંવાદ) | ૩ | AV | ફન પ્રોગ્રામ્સ (પાલિતાણા) | લોકશાળા | AV |
| ૧૪ | મહાવીર | ૧ | ૪૦૦ | જિનેન્દ્રદર્શન (૪) | ૧ | AV | ફન પ્રોગ્રામ્સ (લોકભારતી) | પી.ટી.સી. | AV |
| ૧૫ | ધન્યાવતાર | ૧ | ૨૦૦ | મહાવીર (૪૦૦) | ૧ | A | ફન પ્રોગ્રામ્સ પ્રાથમિક શાળા | સણોસરા | AV |
| ૧૬ | કહાનામૃત | ૧ | ૧૧૦૦ | ચિત્રપટો (સોનગઢ) | ૧ | AV | ફન પ્રોગ્રામ્સ સી.આર.સી. | સણોસરા | AV |
| ૧૭ | કહાનામૃત | ૨ | ૧૧૦૦ | તું પરમાત્મા (૨૨) | ૧ | AV | ફન પ્રોગ્રામ્સ સી.આર.સી. | આંબલા | AV |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | કહાનામૃત | ૩ | ૧૧૦૦ | તું પરમાત્મા (૧૮) | ૨ | AV | વિમોચન(સફળ શિક્ષક ભાગ-૧-૨-૩ | ત્રંબા | AV |
| ૧૯ | કહાનામૃત | ૪ | ૧૧૦૦ | ગઢ ગિરનાર (નાટક) | ૧ | AV | વિમોચન (સફળ શિક્ષક ભાગ-૪) | વાળુકડ | AV |
| ૨૦ | કહાનામૃત | ૫ | ૧૧૦૦ | ચંપામૃત (૧૨૦૦) | ૧ | A | વિમોચન (સફળ શિક્ષક ભાગ-૪) | આંબલા | AV |
| ૨૧ | કહાનામૃત | ૬ | ૧૧૦૦ | કહાનામૃત (૧૦૭૦) | ૧ | A | વિમોચન (સફળ શિક્ષક ભાગ-૫) | ગઢડા | AV |
| ૨૨ | કહાનામૃત | ૭ | ૧૧૦૦ | ભક્તિ (સૂર્યકીર્તિ) | ૧ | AV | મૂલ્યો (મોંઘીબા) (વ્યાખ્યાન) | સિહોર | AV |
| ૨૩ | ચંપામૃત | ૧ | ૧૨૦૦ | કહાન પ્રભાવના દર્શન | ૧ | AV | વિજ્ઞાન દ્વારા પરિવર્તન(લોક) | MRS | A |
| ૨૪ | ચંપામૃત | ૨ | ૧૨૦૦ | બાહુબલી પધરામણી | ૧ | AV | લોકભારતી દર્શન (ગીત, ભજન) | સણોસરા | AV |
| ૨૫ | ચંપામૃત | ૩ | ૧૨૦૦ | કુંદકુંદ આચાર્ય દિન | ૧ | AV | આંકડાશાસ્ત્ર (MRS) (વર્કશોપ) | લોકભારતી | AV |
| ૨૬ | ચંપામૃત | ૪ | ૧૨૦૦ | પ્રાર્થના સભા | ૧ | AV | પ્રત્યાયન (P.T.C.) (વ્યાખ્યાન) | ગઢડા | AV |
| ૨૭ | ચંપામૃત | ૫ | ૧૨૦૦ | કહાન એક્સપ્રેસ (યાત્રા) | ૧ | AV | પારસમણિ (રેડિયો) | નાટક | A |
| ૨૮ | ચંપામૃત | ૬ | ૧૨૦૦ | કહાન એક્સપ્રેસ (યાત્રા) | ૨ | AV | મીની ટીચિંગ (બી. એડ્.) | લોકભારતી | A |
| ૨૯ | ચંપામૃત | ૭ | ૧૨૦૦ | કહાન એક્સપ્રેસ (યાત્રા) | ૩ | AV | એટમ મોલેક્યુલ (બી. એડ્.) | લોકભારતી | A |
| ૩૦ | ચંપામૃત | ૮ | ૧૨૦૦ | નવસર્જન વિમોચન | ૧ | AV | પારસ મેરેજ (અંગત) | સોનગઢ | AV |
| **નવી ડીવીડી** | | | | બાવનગજા યાત્રા | ૫ | AV | રિદ્ધિના લગ્ન (અંગત) | અમદાવાદ | AV |
| ૯૮ મી જન્મજયંતી | | | | સોનગઢ દર્શન | ૧ | AV | લલિતાબા (૧૦૦) (અંગત) | સોનગઢ | AV |
| ૮૦મી સમ્યક્જયંતી પત્રિકા લેખન | | | | વિમોચન (સમ્યક્ જયંતી) | ૧ | AV | ઘોઘા–ઉમરાળા (અંગત) | યાત્રા | AV |
| આબુ યાત્રા (અંગત) | | | | હિન્દી ભજન (૩૭) | ૧ | A | લીલીયા (લગ્ન) (અંગત) | પ્રસંગ | AV |
| ઘોઘા–ઉમરાળા (અંગત) | | | | હિન્દી ભજન (૮૦) | ૧ | A | અડતાળા (પ્રતિમા પધરામણી) | યાત્રા | AV |
| ટીવી એપીસોડ (શિક્ષણ) | | | | જૈન ભજન (૬૭) | ૧ | A | ૭૯ સમ્યક્જયંતી(DVD) | | |
| ટીવી એપીસોડ (જૈન ભજન) | | | | રથયાત્રા | ૧ | AV | ઉમરાળા વાર્ષિકોત્સવ (DVD) | | |
| લોકભારતી વાર્ષિકોત્સવ | | | | ૯૭મી જન્મજયંતી | ૧ | AV | A=AUDIO | | |
| ચિત્રપટો સોનગઢ, દસલક્ષણ પર્વ | | | | હિન્દી ભજન (૧૬) | ૧ | A | AV=AUDIO-VIDIO | | |



## લેખકનો પરિચય

**નામ :** ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ(ચૈતન્ય પ્રિય)

**કાર્યક્ષેત્ર :** સોનગઢ, ઉગામેડી, ભાવનગર માધ્યમિક શાળાઓ. લોકભારતી સણોસરા – બી. એડ્. કોલેજ, વિજ્ઞાન અધ્યાપક તથા પ્રિન્સીપાલ, ૬ વર્ષ માધ્યમિક શાળા + ૩૧ વર્ષ બી.એડ્. કોલેજ.

**શિક્ષણ કાર્ય :** વિજ્ઞાન, ગણિત, મૂલ્યાંકન, શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, સમસ્યાઓ, શૈ. પ્રવાહો, એજ્યુકેશનલ ટેકનોલોજી, આંકડાશાસ્ત્ર વગેરે અનેક વિધ વિષયોનું શિક્ષણ કાર્ય.

**સેવાકાલિન પ્રશિક્ષણ :** દિલ્હી, મુંબઈ, ઈંદોર, ઉદયપુર, વડોદરા, અમદાવાદ, સુરત, દ્વારકાના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના ૪૦ જેટલા સેમિનાર્સ, વર્કશોપ.

**પેપર્સ રજૂઆત :** લો કોસ્ટ ફોટોગ્રાફિક મીડિયા, એજ્યુકેશનલ વેલ્યુઝ, વર્ક સેન્ટર્ડ એજ્યુકેશન, સફળ શિક્ષક, પ્લાનીંગ ઓફ એજ્યુકેશનલ મેથડસ વગેરે પેપર્સ સેમિનાર્સમાં રજૂ કરેલ છે.

**શાળા–કોલેજોમાં વ્યાખ્યાનો :** પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં ફન પ્રોગ્રામ્સ, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી, મૂલ્યાંકન, તત્ત્વજ્ઞાન, વસ્તી શિક્ષણને ભગતા સેંકડો દાર્શનિક વ્યાખ્યાનો આપેલ છે.

**લેખન કાર્ય :** ૧૨૦૦૦ હરિગીતિકા છંદમાં જૈન તત્ત્વ જ્ઞાનનાં શ્લોકો, ૧૦૦ ભજનોની રચના કરીને પ્રકાશિત કરેલ છે. કુલ ૨૦૦૦ પેઈઝના ૫૬ પ્રકાશનોની ૫૦૦૦૦ જેટલી નકલો ભેટ આપેલ છે.

કુલ ૧૨૫ જેટલા શિક્ષણશાસ્ત્ર, સંશોધન, મનોવિજ્ઞાનનાં લેખો વર્તમાન પત્રો તથા સામાયિકોમાં પ્રકાશિત થયેલ છે. જેની ૩ પુસ્તિકાનો 'જ્ઞાનતુલા' પ્રકાશનોમાં સમાવેશ થયેલ છે. જેની ટ્રાન્સપરન્સી, પ્રદર્શન વગેરે પણ તૈયાર થયેલ છે. જેના ‘સફળ શિક્ષક ભાગ ૧ થી ૭’ પ્રકાશિત થયેલ છે. પ્રોજેક્ટર મોબાઈલમાં જૈન ભજનો તથા ફન પ્રોગ્રામ ડાઉનલોડ અને તેના ૩૫ ટીવી એપીસોડ પ્રસારિત થયેલ છે.

**જૈન ભજનોનું ઓડિયો–વિડિયો રેકોર્ડિંગ :** ૬૨ જેટલા સ્વરચિત ભજનોનાં ૪૦ જેટલી ઓડિયો કેસેટસ તથા ૧૦૦ જેટલી વીસીડી, ડીવીડીમાં આલ્બમ તૈયાર થયેલ છે. જેની હજારો નકલો ભેટ આપવામાં આવેલ છે.

**ફન પ્રોગ્રામનું રેકોર્ડિંગ :** સેંકડો વિજ્ઞાન, ગણિત, મનોવિજ્ઞાન, પેપર, જાદુનાં પ્રયોગોની ડી.વી.ડી., વી.સી.ડી. તૈયાર થયેલ છે. જે ભેટ આપવામાં આવે છે.